### આશ્ચર્યજનક રીતે વિપક્ષે બજેટ બોર્ડમાં આક્રમકતા નહીં દેખાડતાં તર્ક-વિતર્ક

# 17 કલાકની મેરેથોન ચર્ચા બાદ મનપા બજેટ મંજૂર

**ચુંટાયેલા** 120 સભ્ય પૈકી 42 પુરુષ, 40 મહિલા કોર્પોરેટરોએ ચર્ચામાં ભાગ લીધો

**મોટા ભાગના** સભ્યોએ બજેટમાં સૂચનો કરવાને બદલે ફરિયાદો અને વાહવાહી કરી

સુરતઃ સુરત મનપામાં સોમવારે સવારે 10 વાગ્યાથી બજેટની સામાન્ય સભા શરૂ થઇ હતી, જે રાત્રે 11 વાગ્યા સુધી ચાલી હતી. મંગળવારે સવારે 10 વાગ્યે બજેટની સામાન્ય સભા શરૂ થઇ હતી. જે 4 વાગ્યે ચર્ચા પૂર્ણ થયા બાદ મેયર અને કમિશનરના સંબોધન સાથે સર્વાનુમતે બજેટ મંજૂર કરી દેવાયું હતું. બજેટ પર કુલ 17 કલાક ચર્ચા થઇ, જેમાં 120 કોર્પોરેટર પૈકી 42 પુરૂષ અને 40 મહિલાએ ભાગ લીધો. જો કે બજેટના સ્તરની ચર્ચાને બદલે વિપક્ષે ફરીયાદો જયારે શાસકપક્ષના સભ્યોએ વાહવાહી કરી હતી. સતત બીજા દિવસે વિપક્ષના સભ્યો દ્વારા કચરા કૌભાંડ, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દે વિપક્ષે શાસકોને ભીંસમાં લીધા હતા. ભાજપના સિનિયર સભ્ય દિનેશ જોધાણીએ વિપક્ષે કરેલા આક્ષેપો અને ફરિયાદોનો ગણી ગણીને જવાબ આપ્યો હતો. જો કે તે બોલતા હતા ત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યા વગર વારંવાર ટીપ્પણી કરી રહેલા વિપક્ષી સભ્ય સેજલ માલવીયાએ મેયરની તાકીદ છતાં ટીપ્પણી ચાલુ રાખતા તેને બે કલાક માટે સભાગૃહમાંથી બહાર કરાયા હતા. ચાલુ ટર્મની છેલ્લી બજેટ સભા હોવા છતા કચરા કૌભાંડ તેમજ અન્ય મુદ્દે ભીંસમાં લેવાની તક હોવા છતાં વિપક્ષી સભ્યો આશ્ચર્યજનક રીતે સયંમિત જોવા મળતા તર્ક-વિતર્ક ઉઠયા હતા.



## સુરતને વર્લ્ડક્લાસ બનાવવા મારી ટીમ કામ કરશેઃ કમિશનર એમ. નાગરાજન

મનપા કમિશનર એમ. નાગરાજને જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં બજેટ રજૂ કરાયું છે અને ટીમ દ્વારા સુરત શહેરને વર્લ્ડક્લાસ સિટી કેવી રીતે બનાવાય તે માટે સતત કામ કરવામાં આવી રહ્યું છે. બજેટમાં પ્રોજેક્ટો મુકવા એ એક ચેલેન્જ છે અને તેને પાર પાડવા મુશ્કેલ હોય છે. સૌનો સાથ અને સૌનો વિકાસની સાથે સાથે સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ માટે પ્રયત્નશીલ રહીશું. તમામ કોર્પોરેટરોનો સાથ છે અને ટીમને પણ સાથે રાખીને સાથે સાથે સુરતની જનતાને પણ સાથે રાખીને કામ કરવાનો પ્રયત્ન કરીશું.

### સેજલ માલવિયાને અડધો કલાક માટે સસ્પેન્ડ કરાવી દેવાયા

આઉટર રિંગરોડ પ્રોજેક્ટ અને મનપાના વિકાસ કામોની ખામી બતાવતા વિડીયો વિપક્ષ દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ કરવા બાબતે શાસક અને વિપક્ષ વચ્ચે સભાગૃહમાં ગરમા-ગરમી થઈ હતી. હંગામા વચ્ચે જોધાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, “રિંગરોડ પૂરો થશે ત્યારે ટનાટન રહેશે. લોકાર્પણ વખતે જરૂર આવજો.” આના પર વિપક્ષે ટકોર કરી હતી કે મનપાના કાર્યક્રમોમાં વિપક્ષી સભ્યોને પોલીસ દ્વારા અટકાવવામાં આવે છે, તો “આવવા દેશો ખરા?” ચર્ચા દરમિયાન મેયરે દિનેશ જોધાણી સીનિયર છે અને સમાજનો દીકરો છે, તેથી તેમને શાંતિથી બોલવા દેવા અપીલ કરી હતી, પરંતુ વિપક્ષે પાટીદાર સેવા સમાજની હોસ્ટેલ બિલ્ડિંગમાં પેઇડ એફએસઆઈ માફ કરવાની દરખાસ્ત વખતે કેમ નહોતા બોલ્યા તેવો સવાલ ઉઠાવતા હોબાળો મચ્યો હતો. મેયરે વચ્ચે બોલનારા સભ્યોને સસ્પેન્ડ કરવાની ચેતવણી આપી હતી. છતાં જોધાણીના નિવેદનોનો જવાબ આપવા વચ્ચે બોલેલા વિપક્ષી સભ્ય સેજલ માલવિયાને અડધો કલાક માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

### લેપટોપ અપાયાં, પણ કાગળ પરથી જ વાંચનઃ સુરત મનપાની સભામાં ડિજિટલાઇઝેશન ‘શો-પીસ’ બની ગયું?

સુરત મહાનગરપાલિકાની બજેટ સમયની ખાસ સામાન્ય સભામાં તમામ કોર્પોરેટરોને લેપટોપ સાથે હાજર રહેવા તેમજ એકાઉન્ટ વિભાગ દ્વારા આપવામાં આવેલી બજેટની માહિતી ધરાવતી પેનડ્રાઈવ લાવવાની સૂચના અપાઈ હતી. સભાગૃહમાં ડિજિટલાઇઝેશનને પ્રોત્સાહન આપવાનો અને ‘પેપરલેસ’ પ્રક્રિયાને આગળ ધપાવવાનો આ પ્રયાસ હોવાનો મનપા તંત્રનો હેતુ હતો. જો કે હકીકતમાં દ્રશ્ય જુદું જ જોવા મળ્યું. મોટાભાગના નગરસેવકો લેપટોપ સાથે હાજર રહ્યા હતા, પરંતુ ચર્ચા દરમિયાન ડિજિટલ દસ્તાવેજોનો ઉપયોગ કરવાની જગ્યાએ કાગળ પર લખીને લાવવામાં આવેલા મુદ્દાઓ પરથી જ વાંચન કરતા જોવા મળ્યા. કેટલાક સભ્યો તો તૈયાર લખાણ સીધું વાંચી જતા હતા, જેના કારણે ડિજિટલ સાધનોનો ઉપયોગ માત્ર ઔપચારિકતા પૂરતો જ રહ્યો હોય તેવી ચર્ચા સભાગૃહની બહાર શરૂ થઈ છે.

### શાસકોનું બજેટ ‘વચનોના મહેલ અને હકીકતના ખંડેર’ જેવું : રચના હિરપરા

- અંદાજ કરતા ઊંચા ટેન્ડર મંજૂર થતાં ત્રણ વર્ષમાં 2500 કરોડ વધુ ખર્ચાયાઃ મહેશ અણઘણ
- રેવન્યુ સરપ્લસ અને પુરાંતવાળું બજેટ, વિકાસનો મજબૂત રોડમેપઃ ડો. બળવંત પટેલ
- સુરતમાં દર 500 મીટરે વિકાસ કામો ચાલી રહ્યા છેઃ કેયુર ચપટવાલા
- કોટ વિસ્તાર માટે ગાંધીબાગનું નવીનીકરણ, ફીશ માર્કેટ, કોમ્યુનિટી હોલ શાસકોની ભેટઃ અશોક રાંદેરી
- શાસકોએ પક્ષાપક્ષીથી ઉપર સમગ્ર સુરત શહેરનો વિકાસ કર્યો છેઃ ડે.મેયર નરેન્દ્ર પાટીલ
- આરોગ્ય સેવાને સુદ્રઢ કરવા અનેક નવા આયોજનોનો સમાવેશઃ નેન્સી શાહ
- ડુમસ સી ફેસ ધ્યાને રાખી રોડની કનેક્ટિવિટી લંબાવોઃ દિપેશ પટેલ
- સ્મીમેર અને મનપાનાં આરોગ્ય કેન્દ્રો શહેરીજનો માટે આશીર્વાદઃ મનીષા આહીર
- સી.સી. રોડ અને લાંબા ફ્લાયઓવર બ્રિજ બનાવો : વિજય ચૌમાલ

### 182માંથી 48 સભ્ય મૂંગામંતર રહ્યા, બાકીના સભ્યોએ 1 મિનિટથી માંડી 61 મિનિટ રજૂઆતો કરી

આ સામાન્ય સભામાં ભાજપ-આપ બંને પક્ષના કુલ 82 સભ્યએ ભાગ લીધો હતો. જયારે 42 સભ્ય મુંગામંતર રહ્યા હતા. સભામાં થયેલી ચર્ચાઓ અને રજૂઆતોનો કુલ સમય 1020 મિનિટ નોંધાયો છે. તા. 16 અને 17 ફેબ્રુઆરી મળીને કુલ 42 પુરૂષ અને 40 સ્ત્રી સભ્યોએ ભાગ લીધો હતો. જો કે જે રજૂઆતો થઇ તેમાં પણ વધુમાં વધુ 61 મિનિટ સુધી અને અમૂક સભ્યો એક બે મિનિટમાં પણ પોતાની રજૂઆત આટોપતા જોવા મળ્યા હતા.

#### વધુ સમય ચર્ચા કરનારા

- દિનેશભાઈજોધાણી(BJP):61 મિનિટ
- પાયલ સાકરીયા (AAP): 54 મિનિટ
- હિમાંશુ રાઉલજી (BJP): 33 મિનિટ
- મહેશ અણઘણ (AAP): 28 મિનિટ
- રચના હિરપરા (AAP): 27 મિનિટ
- કેયુર ચપટવાલા (BJP): 25 મિનિટ
- ધર્મેશવાણીયાવાલા(BJP):25મિનિટ
- વ્રજેશ ઉનડકટ (BJP): 25 મિનિટ
- મોનાલી હિરપરા (AAP): 24 મિનિટ
- નેન્સીબ શાહ (BJP): 24 મિનિટ

#### આ સભ્યોએ ખૂબ જ ટૂંકા સમયમાં પોતાની રજૂઆતો પૂર્ણ કરી હતી

- લતાબેન રાણા (BJP): 1 મિનિટ
- સોનલ સુહાગિયા (AAP): 2 મિનિટ
- ભારતીબ વાઘેલા (BJP): 2 મિનિટ
- ડિમ્પલ કાપડિયા (BJP): 2 મિનિટ
- સુમન ગડિયા (BJP):2 મિનિટ
- વિપુલ મોવલીયા (AAP): 3 મિનિટ

### જકાતની ગ્રાન્ટ માટે વલખા શા માટે? ‘નગરરાજ બિલ’ લાગુ કરોઃ વિપક્ષી નેતા પાયલ સાકરિયા

વિપક્ષી નેતા પાયલ સાકરીયાએ સંબોધનની શરૂઆતમાં ‘નગરરાજ બિલ’ અને વોર્ડ સમિતિઓની સક્રિયતાની માંગ કરી શાસકોની દુખતી નસ દબાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૧.૯૯ લાખ વિદ્યાર્થીઓને હજુ સુધી યુનિફોર્મ ન મળ્યા હોવાનું જણાવી ૧૧ હજાર કરોડના બજેટને માત્ર ‘ચૂંટણી ઢંઢેરો’ અને ‘આંકડાકીય મૃગજળ’ ગણાવ્યું હતું. રાજ્ય અને કેન્દ્રમાંથી ઓક્ટ્રોય જેવી જરૂરી ગ્રાન્ટ ન આવતા બજેટ આત્મનિર્ભર નથી તેમજ મનપામાં અનેક મહત્ત્વના પદો ઇન્ચાર્જ દ્વારા ચાલતા હોવાની ટીકા કરી હતી. ૨૪x૭ પાણીની યોજના છતાં ૧૦ ટકા સોસાયટીઓને પણ પૂરતું પાણી નથી મળતું, રોડ વિજિલન્સ વિભાગ બંધ કરી દેવાયો છે એટલે શાસકો ભ્રષ્ટાચારને છાવરી રહ્યા છે. ઇજારદારોને બ્લેકલિસ્ટ કરવાને બદલે માત્ર દંડ કરાય છે અને ખાડીના કામોમાં માત્ર ૧૪ ટકા પ્રગતિ થઈ છે. તાપી શુદ્ધિકરણમાં નિષ્ફળતા, ૧૪ લાખ મેટ્રિક ટન કચરાના ઢગલા પડ્યા છે અને શાસકો મુંગે મોઢે બધું જોયા કરે છે.

### સુરત વન ઓફ બેસ્ટ કનેક્ટેડ સિટી તરીકે ઉભરી રહ્યું છેઃ મેયર

બજેટને મંજૂરી આપતા મેયર દક્ષેશ માવાણીએ ગૃહને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસની ચર્ચામાં સુરત મહાનગરની પ્રથમ હરોળમાં ચર્ચા થાય છે. છેલ્લા ૩૦ વર્ષમાં સુરત મનપાના બજેટના કદમાં ૪૭ ગણો વધારો થયો હોવાનું મેયર દક્ષેશ માવાણીએ કહ્યું હતું. સુરત વિશ્વના સૌથી ઝડપી વિકસિત શહેરોમાં ચોથો ક્રમાંક ધરાવે છે. અહીંના વિવિધ ઉદ્યોગ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. સુરત એક મિની ભારત છે. સુરતવાસીઓને ઉત્તમ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે અનેક એવોર્ડ મેળવનાર સુરત સમગ્ર દેશમાં શ્રેષ્ઠ મહાનગર સાબિત થઇ મેટ્રો સિટી અને મેગા સિટી બનવા જઈ રહ્યું છે.

### બજેટમાં શિક્ષણ, મહિલા, આરોગ્ય અને સિનિયર સિટિઝનોની ખાસ કાળજી લેવાઇ છેઃ સ્થાયી ચેરમેન

સુરત મહાનગરપાલિકાના વર્ષ 2026-27ના બજેટને સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે લોકહિત અને વિકાસલક્ષી ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે “આ બજેટમાં વિકાસ કામો માટે રૂ. ૫૫૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, છતાં મિલકતવેરામાં એકપણ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો નથી. શહેરના આનંદપ્રમોદ માટે ડુમસ દરિયા કિનારોના સી-ફેઝના પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને વર્તમાન ટર્મ પૂર્ણ થાય તે પહેલાં તેનું લોકાર્પણ કરવામાં આવશે. ગંગા સ્વરૂપા બહેનોને મિલકતવેરામાં સંપૂર્ણ મુક્તિ અને ‘સુરતી હાટ’માં વિનામૂલ્યે દુકાનો ફાળવવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

## માતૃ-બાળ મરણદર ઘટાડવા માટે કડક સૂચનાઓ અપાઈ

**સુરત** જિલ્લામાં સંચારી રોગો સામે સઘન મોનિટરિંગ રાખવા જિલ્લા વિકાસ અધિકારીની કડક સૂચના

સુરતઃ સુરત જિલ્લામાં સંચારી અને વાહકજન્ય રોગો સામે લડતને વધુ સક્રિય અને પરિણામકારક બનાવવા જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયતના સભાખંડમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં આરોગ્ય તંત્રને વધુ જવાબદાર અને કાર્યક્ષમ બનાવવાનો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોગ્ય સેવાઓનો હક છેવાડાના અને વંચિત વર્ગ સુધી સમયસર અને ગુણવત્તાસભર રીતે પહોંચે તે સુનિશ્ચિત કરવું તંત્રની પ્રાથમિકતા હોવી જોઈએ. ખાસ કરીને માતૃ-બાળ મરણદર ઘટાડવા માટે ક્ષેત્ર સ્તરે દેખરેખ મજબૂત કરવા, એ.એન.સી. રજિસ્ટ્રેશન 100 ટકા સુનિશ્ચિત કરવા અને જોખમી ગર્ભવતી મહિલાઓની સમયસર ઓળખ કરીને યોગ્ય સારવાર આપવા સૂચનાઓ આપવામાં આવી હતી. રસીકરણ અભિયાનની પ્રગતિની સમીક્ષા કરતાં ડી.ટી.એફ.આઈ. હેઠળ બાકી રહેલા લક્ષ્યાંકો તાત્કાલિક પૂર્ણ કરવા ભાર મુકાયો હતો. સાથે જ ગવર્નિંગ બોડી હેઠળના વહીવટી પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવી આરોગ્ય સેવાઓમાં કોઈ વિક્ષેપ ન આવે તેની કાળજી રાખવા જણાવ્યું હતું.

## 21થી 23 ફેબ્રુઆરી ચેમ્બરનો સુરત ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ એક્સ્પો

**ભારતભરમાં** 25,000થી વધુ લોકો એક્ઝિબિશનની વિઝિટ કરશે



સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે આગામી તા. ૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ત્રિ-દિવસીય ‘સીટેક્સ- સુરત ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ એક્સ્પો-૨૦૨૬’નું આયોજન કરાયું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ પ્રદર્શન ‘સીટેક્સ’ શ્રેણીનું ૧૩મું અને એકજ વર્ષમાં બીજી વખત આયોજિત થનારું પ્રદર્શન છે. ચેમ્બરના માનદ્ મંત્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, એકસ ઉદ્ઘાટક તરીકે કેન્દ્રિય જળ શકિત મંત્રી અને સુરત એરપોર્ટ કમિટીના ચેરમેન સી.આર. પાટીલ ઉપસ્થિત રહેશે.

ભારતભરમાં ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા 25,000થી વધુ લોકો સીટેક્સ એક્ઝિબિશનની વિઝિટ કરશે.

## પતંગ કાઢતી વખતે કરંટથી દાઝેલા વિદ્યાર્થીનું મોત

**કઠોર** ગામમાં દોઢ મહિનાથી મૃત્યુને લડત આપતો ધો. 9નો વિદ્યાર્થી વ્રજ શિરોયા અંતે હારી ગયો

સુરતઃ ઉત્તરાયણના માહોલમાં પતંગ ચગાવવાની મજા એક પરિવારમાં જીવનભરનો દુઃખદ ઘા બની ગઈ છે. કઠોરગામ વિસ્તારમાં વીજ લાઈનમાં ફસાયેલો પતંગ ઉતારવા જતા કરંટ લાગતા ગંભીર રીતે દાઝેલા ધોરણ 9ના વિદ્યાર્થીનું દોઢ મહિનાની સારવાર બાદ મંગળવારે અવસાન થયું હતું.

અમરેલી જિલ્લાના સાંવરકુંડલાના વતની અને હાલ કઠોરગામ સ્થિત દીપ રો-હાઉસમાં રહેતા અલ્પેશભાઈ શિરોયા દાગીનાની દુકાન ચલાવે છે. તેમના બે સંતાનમાંથી 13 વર્ષીય વ્રજ શિરોયા ધોરણ 9માં અભ્યાસ કરતો હતો. ગત 3 જાન્યુઆરીના રોજ વ્રજ પતંગ ચગાવી રહ્યો હતો ત્યારે તેનો પતંગ નજીકની વીજ લાઈનમાં ફસાઈ ગયો હતો. પતંગ ઉતારવા જતા તેને કરંટ લાગતા તે ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં છેલ્લા દોઢ મહિનાથી સારવાર ચાલી રહી હતી.

જો કે, મંગળવારે સારવાર દરમ્યાન તેણે અંતિમ શ્વાસ લીધા હતા. લાડકવાયા પુત્રના નિધનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. બનાવ અંગે લસકાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટનાએ ફરી એકવાર વીજ લાઈનો નજીક પતંગ ચગાવવાની જોખમી પ્રવૃત્તિ અંગે ચેતવણી આપી છે.

## SMCની મહિલા સફાઈ કર્મચારી વ્યાજખોર દંપતીના ચુંગલમાં ફસાઈ

**10 ટકા** માસિક વ્યાજે 2.30 લાખ આપ્યા,5.45 લાખ વસૂલ્યા

**એટીએમ** કાર્ડ, કોરા ચેક બળજબરીથી લઈ લીધા, ચોકબજાર પોલીસે દંપતી સામે ગુનો નોંધ્યો

સુરતઃ મહિલા સફાઈ કામદારને 10 ટકા માસિક વ્યાજે રૂપિયા આપીને વ્યાજખોર દંપતીએ દોઢ ગણાથી વધુ રકમ વસૂલ્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. એટીએમ કાર્ડ, પાસબુક અને કોરા ચેક બળજબરીથી લઈ વર્ષો સુધી વ્યાજ અને પેનલ્ટી વસૂલાતા પીડિતાએ ચોકબજાર પોલીસમાં ફરિયાજ આપી છે.

રાંદેર ઉગત કેનાલ રોડ પર આવેલા આંબેડકર આવાસ SMC સ્ટાફ કવાર્ટસમાં રહેતી કાંતાબેન મુકેશભાઇ રાઠોડ (ઉં.વ.૩૭) SMCમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે. કાંતાબેનને ફેબ્રુઆરી-2023માં નાણાકીય જરૂરિયાતને પગલે કોઝવે રોડની રિવર પાર્ક સોસાયટીમાં રહેતા જેસિંગભાઇ મોહનભાઇ વાઘ અને તેમની પત્ની હંસાબેન વાઘનો સંપર્ક કર્યો હતો. ફરિયાદ મુજબ આરોપી દંપતી પાસે નાણા ધીરધારનું લાઈસન્સ ન હોવા છતાં 10 ટકા માસિક વ્યાજે રૂ.2,00,000 આપ્યા હતા. વ્યાજના રૂ.20,000 કાપીને કાંતાબેનને રૂ.1,80,000 રોકડા અપાયા હતા. પતિના બે કોરા ચેક અને કાંતાબેનના બે કોરા ચેક સાથે એટીએમ કાર્ડ અને પાસબુક બળજબરીથી લઈ લેવામાં આવ્યા હતા. માર્ચથી ઓગસ્ટ-2023 દરમિયાન એટીએમ મારફતે તથા રોકડ મળી કુલ રૂ.1,20,000 વ્યાજ વસૂલાયું હતું. ત્યારબાદ કાંતાબેને રૂ.1,00,000 મુદલ પરત કર્યા હતા. સપ્ટેમ્બર-2023માં ફરી રૂ.30,000 10 ટકા વ્યાજે આપવામાં આવ્યા. ત્યારથી મે-2025 સુધી SBIના એટીએમ મારફતે વ્યાજ અને પેનલ્ટી પેટે કુલ રૂ.3,25,600 ઉપાડી લેવાયા હોવાનું ફરિયાદમાં ઉલ્લેખાયું છે. આમ કુલ રૂ.2,30,000 આપ્યા સામે રૂ.4,45,600 વ્યાજ-પેનલ્ટી વસૂલાઈ અને રૂ.1,00,000 મુદલ અલગથી ચૂકવાયા હોવા છતાં ઉઘરાણી ચાલુ રહી હતી. જૂન-2025માં કાંતાબેને એટીએમ કાર્ડ બ્લોક કરાવતાં આરોપીઓને જાણ થતા જેસિંગભાઈએ ખોટો ચેક બાઉન્સ કેસ દાખલ કર્યો અને હંસાબેન વારંવાર ફોન તથા ઘરે આવી ગાળાગાળી કરીને પઠાણી ઉઘરાણી કરતી હોવાનું જણાવ્યું છે. બનાવ અંગે કાંતાબેનની ફરિયાદ આધારે ચોકબજાર પોલીસે ગુજરાત નાણા ધીરધાર કરનાર બાબત અધિનિયમ-2011ની કલમ 40, 42(એ), 42(ડી) હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મલ્હાર પરિવારની સંગીત સંધ્યા યોજાઇ



સુરત : તારીખ 15 ફેબ્રુઆરી રવિવારે સાંજે મલ્હાર પરિવાર ની સંગીત સંધ્યા ગીતાંજલિ સ્ટુડિયો ખાતે યોજાયો હતો. જેમાં સુરત ના 21 કલાકારો એ પોતાની પ્રસ્તુતિ આપી હતી. કાર્યક્રમમાં તૃષ્ણા રામવાળા,ભૂપેન્દ્ર બચકાનીવાળા, અજય ડિગે,કિરણ ગોહિલ,પિન્ટુ ભાઈ,પ્રમોદ વિસાવે,મહેશ જોશી,ધર્મેશ લાડ,ધર્મિષ્ઠા/મનીષ ભટારિયા,ધર્મિષ્ઠા ટેલર,ચારુ શર્મા,પ્રાપ્તિ ભટ્ટ,ગીતા ગોધીવાળા,રમેશ પ્રજાપતિ,નિલેશ રામાનુજ,અમીષા મૈસૂરીયા, ભરત ટેલર,રાજેશ પરમાર,ઉજ્જવલ શાહ, વી.કલાકારો એ ભાગ લીધો હતો.

### વનિતા વિશ્રામ એર થિયેટરમાં દિવ્યાંગોનો ટેલેન્ટ શો યોજાયો



સુરતઃ શહેરના વનિતા વિશ્રામ કોલેજના બાજી ગૌરી એર થિયેટર ખાતે લવ એન્ડ કેર ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ દિવ્યાંગ પ્રતિભાઓ માટે ફેશન શો અને ટેલેન્ટ શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે દિવ્યાંગોમાં સામાન્ય વ્યક્તિઓ કરતા વિશેષ શક્તિ હોય છે અને તેઓ એટલે જ વિશેષ છે. તેમણે કહ્યું હતું કે દિવ્યાંગોને ભેટ આપવાની જરૂર નથી, પરંતુ તેમની અંદરની પ્રતિભા બહાર લાવવા માટે મંચ આપવાની જરૂર છે. લવ એન્ડ કેર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટ ડો.દીપ્તિબેન પટેલે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં કુલ ૮૦ દિવ્યાંગ પ્રતિભાએ પ્રદર્શન કર્યું હતું, જેમાંથી ૨૪ પ્રતિભા શહેર બહારથી આવી હતી.

### પ્રેસિડન્સી સ્કૂલનો દ્વિદિવસીય સાંસ્કૃતિક મહોત્સવ ઉજવાયો



સુરતઃ ન્યુ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલ દ્વારા સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે 28મો દ્વિદિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં 95 ટકા જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પ્રમુખ તરીકે જિલ્લાશિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા. મુખ્ય મહેમાન પૂર્વ મેયર ડો. જગદીશભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા. બીજા દિવસે મહેમાન તરીકે હસમુખભાઈ પટેલ અને યશવંતભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરતમાં જૈનમ બ્રોકિંગના IOC 7.0નું ભવ્ય સમાપન



સુરતઃ રોકાણના ક્ષેત્રમાં વ્યાપક સોલ્યુશન્સ પ્રદાન કરતી ભારતની અગ્રણી ફાઈનાન્શિયલ સર્વિસીસ કંપની, જૈનમ બ્રોકિંગ લિમિટેડ દ્વારા સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે આયોજિત બેદિવસીય ઇન્ડિયન ઓપ્શન્સ કોન્ક્લેવ (IOC 7.0)નું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું છે. IOC 7.0ની સફળતા અંગે ટિપ્પણી કરતાં જૈનમ બ્રોકિંગ લિમિટેડના ચેરમેન અને એમડી મિલન પરીખે જણાવ્યું હતું કે, IOC એક શૈક્ષણિક પહેલ તરીકે શરૂ થઈ હતી અને આજે તે ટ્રેડર્સ માટે જૈનમ બ્રોકિંગની વાર્ષિક સિગ્નેચર ઇવેન્ટ બની ગઈ છે. દલાતા બજારમાં ટકી રહેવા માટે ટ્રેડર્સે સતત તેમની વ્યૂહરચના અને માનસિકતા વિકસાવવી જરૂરી છે.

### પી.પી.સવાણીની સાન્વી ઝવેરીનો જેઈઈ મેઈનમાં ૯૯.૭૯ સ્કોર



સુરત : જેઈઈ મેઈન ફેઝ ૧ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામમાં પી.પી.સવાણી શાળાની વિદ્યાર્થિની સાન્વી ઝવેરીએ ૯૯.૭૯ PR મેળવી ગર્લ્સ કેટેગરીની અંદર સમગ્ર ગુજરાતમાં નંબર ૧ પ્રાપ્ત કરી સુરતનું નામ રોશન કર્યું છે. ઉપરાંત ૯૯ PR ઉપર ૩૨ વિદ્યાર્થીએ સ્કોર પ્રાપ્ત કર્યો હતો. આ દરેક વિદ્યાર્થીઓને સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ સવાણી દ્વારા વિદ્યાર્થીઓને આગળના ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવાઈ હતી.

### ચેમ્બર દ્વારા ડુમસ ખાતે ‘સુરત આર્ટ સ્ટ્રીટ 2026’ કલા ઉત્સવ યોજાશે



સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સુરત શહેરમાં કલા પ્રેમીઓ માટે આકર્ષક અને અનોખો સાંસ્કૃતિક મહોત્સવ ‘સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬’ કલા ઉત્સવનું આયોજન તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦થી રાત્રે ૧૦:૦૦ કલાક દરમિયાન ડુમસ સ્થિત લંગરથી કિનારા સુધી કરવામાં આવ્યું છે. ખુલ્લા અને જીવંત વાતાવરણમાં યોજાનારા આ કાર્યક્રમમાં શહેરના કલાકારો તથા સર્જકો દ્વારા વિવિધ પ્રકારની કલા કૃતિઓ, ચિત્ર પ્રદર્શન, લાઈવ આર્ટ ડેમોન્સ્ટ્રેશન, સંગીત અને અન્ય પરફોર્મન્સ રજૂ કરવામાં આવશે.

### નવાપુરા લીમડી શેરીમાં શિવરાત્રિ નિમિત્તે ભજન સંધ્યાનુ યોજાઇ



શિવરાત્રિમા તહેવાર દરમિયાન હવે સંગીતની સૂરાવલીનો ટ્રેન્ડ શરુ થયો છે. જેમાં મહાશિવરાત્રિએ ઠેર ઠેર ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના કોટ વિસ્તાર નવાપુરા લીમડી શેરમાં પણ શિવજીના ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હરિયાણાથી આવેલા કલાકારોએ સૂરાવલી પાથરી લોકોને શિવમુગ્ધ કરી દીધા હતાં. અહીં મહાપ્રસાદ અને ઠંડાઇનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.